**વંચાણમાં :** **અત્રેની કચેરીના તારીખઃ૨૧/૦૮/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંકઃ નકૃયુ/રજી/ અ.ડ.૧/મંજુરી/ ૧૦૦૫૯–૧૦૮/ ૨૦૧૩ મુજબ.**

વિષય :– **કુશળ,અર્ધકુશળ,બિન કુશળ,કલેરીકલ અને શિક્ષકોના શ્રમયોગીઓ ની મંજુરી અંગે.**

# :: પરિપત્ર ::

ઉપરોકત વિષયના અન્વયે નવસારી કૃષિ યુનિવર્સિટી માં કામ કરતા જુદી–જુદી કેડરના શ્રમયોગીઓને વંચાણે લીધેલ પરિપત્ર મુજબ **<u>પરિશષ્ટ–અ</u>** મુજબના કેડરોને તારીખઃ ૦૧/૦૪/૨૦૧૩ થી દૈનિક વેતન ચુકવવામાં આવશે. ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ ના નવા સ્ટેચ્યુટ અમલમાં આવતા **સ્ટેચ્યુટઃ૧૨૧ ની આઈટમ નંઃ૧૫** મુજબ તારીખઃ ૦૨/૦૭/૨૦૧૩ ના રોજ યુનિવર્સિટી ભવનના સભા ખંડમાં મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને થી નવસારી કૃષિ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ સાથે પ્રથમ સમીક્ષા બેઠક રાખવામાં આવેલ હતી. જેના મુદ્દા નંઃ ૦૩ મુજબ મીટીંગમાં ચર્ચા થયા મુજબ જુદી–જુદી કામગીરી માટે નિયત થયેલ કુશળ,અર્ધકુશળ,બિનકુશળ,કલેરીકલ અને શિક્ષક શ્રમયોગીઓને રોકવાના થાય ત્યારે ખરેખર જરૂરીયાત લક્ષમાં લઈ રોકવા તેમજ સ્ટેચ્યુટમાં નિર્દિષ્ટ વિગતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.અન્યથા ઉદભવનાર પ્રશ્નો અંગે જેતે યુનિટહેડ/કચેરીના વડા જવાબદાર રહેશે.

ખાલી જગ્યાઓ ઉપરાંત વધારાના આવા રોજમદારો રોકવાના સંદર્ભે જેતે કચેરી/સંશોધન કેન્દ્રના સંલગ્ન યુનિવર્સિટી અધિકારીનું માર્ગદર્શન/સલાહ સુચન મેળવીને રોકવા આથી જાણ કરવામાં આવે છે.જેથી નિંયત્રિત ખર્ચ થાય અને કામગીરીમાં સરળતા રહે જેની નોંધ લઈ ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

**પ્રસ્તુત પરિપત્ર ફાઈલ નોંધ પર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.**

**જા.નંઃનકૃયુ/રજી/અ.ડ.૧/મંજુરી/૧૦૧૦૯–૧૫૯/૨૦૧૩**
**નવસારી, તારીખઃ ૨૧–૦૮–૨૦૧૩.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવીર્સટી**
**નવસારી.**

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.</u>**

**૧: નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્ર/ના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ.**

**૨: નિયામકશ્રી,આઈ.ટી.શાખા,નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબ સાઈડ પર મુકવા વિનંતી સહ.**